# ગુજરાતના સ્ટાર્ટ-અપ્સ અને એમએસએમઈને મદદ કરવા ઈક્ક કોવિડ-૧૯ ચેલેન્જની જાહેરાત કરી

અમદાવાદ, ૨૪

નોવલ કોરોના વાઈરસની અસરો સતત વધી રહી છે. વૈશ્વિક મહામારીને નિયંત્રણમાં લેવા તથા નુકશાન ઘટાડવા માટે દેશ સંખ્યાબંધ પગલાં ભરી રહ્યો છે, પરંતુ અર્થતંત્રમાં વ્યાપક અનિશ્ચિતતાઓને પરિણામે સ્ટાર્ટ-અપ્સ, એમએસએમઈ અને યુવા ઉદ્યોગસાહસિકો સ્થિરતા હાંસલ કરવા ઝઝૂમી રહ્યાં છે.

દેશભરમાં લાંબા સમય સુધી લોકડાઉનને કારણે આર્થિક પ્રવૃતિઓ અટકી ગઈ છે તેવી સ્થિતિમાં આ સાહસોનું અસ્તિત્વ નિર્ણાયક બન્યું છે. આ સમસ્યાનો ઉકેલ માટે બ્રિહતિ ફાઉન્ડેશને TiE Ahmedabad અને AICGUSEC સાથે મળીને ઈક્ક કોવિડ-૧૯ ચેલેન્જ નામની પહેલ કરી છે.

આ પહેલનો ઉદ્દેશ્ય ગુજરાત સ્થિત સ્ટાર્ટ-અપ્સ, એમએસએમઈ અને યુવા ઉદ્યોગ સાહસિકોને તેમના અસરકારક બિઝનેસ આઈડિયા અને વાસ્તવિક ઉકેલોને અમલમાં મૂકવામાં મદદરૂપ બનવાનો છે, જેથી સમુદાયમાં કોવિડ-૧૯ની અસરને ઘટાડી શકાય. એક સ્પર્ધા બાદ સ્ટાર્ટ-અપ્સ અને એમએસએમઈની પસંદગી કરાશે, જે અંતર્ગત પસંદ કરાયેલા સ્ટાર્ટ-અપ્સ અને એમએસએમઈ પ્રત્યેકને રૂ. ૫ લાખની નાણાકીય સહાય પ્રદાન કરાશે. વધુમાં પસંદ કરાયેલ સ્ટાર્ટ-અપ્સ અને એમએસએમઈ સાથે બિઝનેસની કામગીરી સંબંધિત આયોજન તથા અમલીકરણ વગેરે જેવી બાબતો અંગે પરામર્શ પણ કરાશે.

આ પહેલના લાભાર્થીઓ માટે બ્રિહતિ ફાઉન્ડેશન ઈક્ક (આઈડિયા ટુ ઈન્કોર્પોરેશન) દ્વારા અસાધારણ ઈનોવેટિવ ઉદ્યોગસાહસિકોને પ્રોત્સાહિત કરીને પ્રારંભિક તબક્કામાં બિઝનેસના અમલીકરણની તક પ્રદાન કરવાનો ઉદ્દેશ્ય ધરાવે છે. ઈક્ક કોવિડ-૧૯ ચેલેન્સ આ મુશ્કેલ સમયમાં આત્મ-નિર્ભર બનવા વોકલ ફોર લોકલ પહેલને પણ સહયોગ કરે છે.